# હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી

## સને 2014-15 બી,એડ્ પ્રવેશ માટેના નિયમો

**નોંધઃ-** બી.એડ્. પ્રવેશના નિયમોનો અમલ જુન 2014 થી થતા શૈક્ષણિક વર્ષ માટેના પ્રવેશથી થશે.

**(1) <u>પ્રવેશ માટેની લઘુમત લાયકાતઃ-</u>**

યુ.જી.સી માન્ય કોઇપણ વૈધાનિક યુનિતર્સિટીની 10+2+3 ની તેરાહની સ્નાતક અથવા અનુસ્નાતક પદવી પરીક્ષા પ્રશ્નપત્રો નીચે મુજબ લઘુમત ગુણ મેળવેલા હોવા જોઇએ

| અનુ. | વિદ્યાર્થીની કક્ષા | લઘુતમ ગુણ |
|---|---|---|
| (1) | અનુસુચિત જાતિ અને અનુસુચિત જનજાતિ, ઓ.બી.સી.અન્ય વિકલાંગ,વિધવા, માજી/ ચાલુ સંરક્ષણ દળના જવાનોના સંતાન | 45% |
| (2) | બિન અનામત | 50% |

**(3) (1) <u>પ્રવેશ પાત્રતા :</u>** ( ગુજરાત રાજ્યની યુનિતર્સિટીઓના અરજદારો માટે )

**(A)** યુ.જી.સી એ માન્ય કરેલ કોઇપણ વૈધાનિક યુનિતર્સિટી સંલગ્ન કોલેજમાં શીખવવામાં આવતી વિષય અધ્યાપન પધ્ધતિઓ પૈકી જે એક વિષય સ્નાતક કક્ષાએ મુખ્ય હોય તેવા અરજદારોને એ વિષય અધ્યાપન પધ્ધતિમા પ્રવેશ અપાશે. <u>દા.ત.</u> 10+2+3 પેટર્નની ત્રીજા વર્ષની પદવી પરીક્ષામા જે વિષય ના 100 ગુણનાં 6 પેપર રાખેલાં હશે તે વિષય મુખ્ય વિષય ગણાશે.

**(2)** પ્રવેશ પાત્રતા : (ગુજરાત બહારની યુનિતર્સિટીઓના અરજદારો માટે

**(A)** યુ.જી.સી એ માન્ય કરેલ કોઇપણ વૈધાનિક યુનિતર્સિટી સંલગ્ન કોલેજમાં શીખવવામાં આવતી વિષય અધ્યાપન પધ્ધતિઓ પૈકી જે એક વિષય

સ્નાતક કક્ષાએ હોય એવા અરજદારો ને તે વિષય પધ્ધતિ ના મેરીટ ગુણના ક્રમાનુસાર પ્રવેશ આપવામા આવશે.

<u>દા.ત.</u> 10+2+3 પેટર્નની F.Y., S.Y., T.Y., પરીક્ષામા જે વિષય નાં 100 ગુણનાં 2 પેપર રાખેલા હશે તે વિષય વિષય તરીકે ગણાશે.

**(B)** બી.એડ. નો અભ્યાસક્રમ ગુજરાતી માધ્યમથી ભણવો ફરજીયાત છે.આ અભ્યાસક્રમ માં દાખલ થનાર વિદ્યાર્થીએ પ્રાયોગીક પાઠો ગુજરાતીમાં આપવાના હોય છે.તેથી ગુજરાત બહારની યુનિવર્સિટીના અરજદારો કે જેમની માતૃભાષા ગુજરાતી નથી તેવા બિન.ગુજરાતી અરજદારોએ ધોરણ 10ના ગુજરાતી અભ્યાસ ક્રમપર આધારીત ગુજરાતી અધ્યયન ક્ષમતા માપન કસૌટી આપવાની રહેશે. આ કસોટી યુનિ. દ્વારા લેવામા આવશે. કસોટીને લગતી સુચનાઓ નીચે મુજબ છે.

- ગુજરાત રાજ્ય બહારની યુની.ના અરજદારો કે જેમની માતૃભાષા ગુજરાતી નથી તેવા બીનગુજરાતી અરજદારોએ ધોરણ 10ના ગુજરાતી અભ્યાસ પર આધારીત ગુજરાતી અધ્યયન ક્ષમતામાપન કસોટી ફરજીયાત આપવાની રહેશે.
- આ કસોટી માં પાસ થનાર અરજદાર પ્રવેશપા+ ગણાશે.
- આ કસોટીની પરીક્ષાની પ્રોસેસિંગ ફી પેટે રૂ.150/- (એકસો પચાસ પુરા) નો ડીમાન્ડ ડ્રાફ્ટ <u>કુલસચીવશ્રી હેમ.ઉ.ગુ.યુની.પાટણ</u>ના નામનો મોકલવાનો રહેશે. પ્રોસેસિંગ ફીરૂ.150/- ન ભરનાર અરજદાર પરીક્ષા આપી શકશે નહી.

- આ કસોટીનુ પ્રશ્નપ+ 50 ગુણનુ રહેશે. તેમા નીચેની બાબતો પુછવામાં આવશે.
  *નિબંધ * વિચાર વિસ્તાર * વ્યાકરણ * ટુંકસાર
- આ કસોટીના કુલ ગુણ 50 માથી 25 ગુણ મેળવનાર પ્રવેશપા+ ગણાશે
- આ કસોટી માં ગેરહાજર રહેનાર વિદ્યાર્થી પ્રવેશપા+ ગણાશે નહી.
- જે અરજદારોએ ધોરણ 10 અથવા ધોરણ 12 ની પરીક્ષા ગુજરાતી વિષય સાથે પાસ કરેલ હસે તે અરજદારોએ આ કસોટી આપવાની રહેશે નહી.તે અંગેની માર્કશીટ અરજીપત્રકની સાથે જોડવાની રહેશે.
- કસોટીનુ પરીણામ યુની. વેબસાઇટ www.ngu.ac.in પરથી જોઇ શકાશે.

**(4) <u>પ્રવેશ પાત્રતા :</u>**

**(A)** વિનયન વિધાશાખા પદવી પરીક્ષા પાસ કરનાર ગુજરાતી, અંગ્રજી, હિન્દી, સંસ્કૃત અને સામાજિક વિજ્ઞાન વિષયની અધ્યાપન પધ્ધતિઓ માટે પ્રવેશપાત્ર ગણાશે. (માધ્યમિક શાળાઔના અભ્યાસક્રમ માટે)

**(B)** અર્થશાસ્ત્ર સાથે વિનયન વિધાશાખા ની અનુસ્નાતક પદવી પરીક્ષા પાસ કરનાર અર્થશાસ્ત્ર વિષયની અધ્યાપન પધ્ધતિ માટે પ્રવેશપાત્ર ગણાશે (ઉચ્ચતર માધ્યમિક શાળાઔના અભ્યાસક્રમ માટે)

**(C)** વિજ્ઞાન વિધાશાખા પદવી પરીક્ષા પાસ કરનાર ગણિત અને વિજ્ઞાન વિષયની અધ્યાપન પધ્ધતિઓ માટે પ્રવેશપાત્ર ગણાશે. (માધ્યમિક શાળાઔના અભ્યાસક્રમ માટે)

**<u>નૌંધ :</u>** બી.એસસી. આક્ડાશાસ્ત્ર ની પદવી પરીક્ષા પાસ કરનાર ગણિત વિષયની અધ્યાપન પધ્ધતિ માટે પ્રવેશપાત્ર ગણાશે

**(D)** ગણિત અને અર્થશાસ્ત્રના વિષય સાથે વિનયન વિધાશાખાની સ્નાતક પરીક્ષા પાસ કરનાર વ્યકિત ગણિત વિષયની અધ્યાપન પધ્ધતિ માટે પ્રવેશપાત્ર ગણાશે. (માધ્યમિક શાળાઔના અભ્યાસક્રમ માટે)

**(E)** વાણિજ્ય વિધાશાખાની ની અનુસ્નાતક પદવી પરીક્ષા પાસ કરનાર નામુ અને વાણિજ્ય વ્યવસ્થા વિષયની અધ્યાપન પધ્ધતિ માટે પ્રવેશપાત્ર ગણાશે (માધ્યમિક શાળાઔના અભ્યાસક્રમ માટે).

**(F)** બી.આર.એસ, બી.એ. અને બીએસ.સી. વિધાશાખાની ગૃહવિજ્ઞાન વિષય સાથે સ્નાતકની પદવી પરીક્ષા પાસ કરનાર ગૃહવિજ્ઞાન વિષયની અધ્યાપન પધ્ધતિ માટે પ્રવેશપાત્ર ગણાશે.

**<u>નૌધ</u>** : નામદાર ગુજરાત હાઇકૌર્ટની સ્પે.સીવીલ એપ્લીકેશન.નં. 8708/2003 તા. 25-8-03 ના ઠરાવ મુજબ પ્રવેશ માટે ફાળવણી કરવામાં આવશે.

**(1)** વિજ્ઞાન (કેમેસ્ટ્રી, ઇન્ડસ્ટ્રીયલકેમસ્ટ્રી, ફીઝીકસ, બૌટની, જુલોજી અને માઇક્રૌબાયૌલૌજી) 100% મુજબ

**(2)** હૌમ સાયન્સ ( બી.આર.એસ, બી.એ. અને બીએસ.સી. ડિગ્રીઔ) 100% મુજબ

**(3)** સામાજિક વિજ્ઞાન-51 (ઇતિહાસ,ભુગૌળ, અર્થશાસ્+ અને રાજ્ય શાસ્ત્ર)70% મુજબ સામાજિક વિજ્ઞાન-52(સમાજસાસ્ત્ર,મનૌવિજ્ઞાન અને તત્વજ્ઞાન )30% મુજબ

**(G)** કમ્પ્યુટર વિધFશાખાની પદવી પરીક્ષા પાસ કરનાર કમ્પ્યુટર વિજ્ઞાન વિષયની વિષયની અધ્યાપન પધ્ધતિ માટે પ્રવેશપાત્ર ગણાશે

**(5)** <u>મેરીટ ગુણ :</u>

બી.એડ ના અભ્યાસક્રમમા પ્રવેશ મેળવવા માટે જેમણે અરજી પત્રક નિયત સમય મર્યાદામાં અરજી કરી હૌય અને નિયમ અનુસાર પ્રવેશપાત્રતા ધરાવતા હૌય તેવા અરજદારૌના મેરીટ ગુણ નીચ મુજબ નક્કીકરવામા આવશે.

**(A)** ત્રીજા વર્ષની પદવી પરીક્ષામાંના બાહય (એક્ષ્ટર્નલ) ગુણના મેળવલે ટકા.

(1) સ્નાતક કક્ષાએ જે મુખ્ય વિષય લીધો હોય તે વિષય ના ઓછામા ઓછા ચાર પેપર અનુસ્નાતક કક્ષાએ લીધા હોય તો જ અનુસ્નાતક પરીક્ષાના પાર્ટ 1 અને પાર્ટ 2 ના કુલ ગુણના 20ટકા જેટલા ગુણ ઉમેરી આપવામા આવશે.

**(B)** રાજ્ય બહારની યુનિ. ના અરજદારો માટે સ્નાતક કક્ષાએ મુખ્ય વિષય લીધો હોય તે વિષયમાં ઓછામાં ઓછા બે પેપર અનુસ્નાતક કક્ષાએ લીધાં હોય તો જ અનુસ્નાતક પરીક્ષાના પાર્ટ-1 અને પાર્ટ-2 ના કુલ ગુણના 20 ટકા જેટલા ગુણ ઉમેરવામા આવશે.

**(C)** સરખા મેરીટ ગુણ વખતે જરુર પડે ત્રણ દશાંશ સ્થળ સુધીની ગણતરી ધ્યાનમાં લેવામા આવશે.

**(D)** જો ઉપરનાં (A) અને (B) નો સરવાળો કરતા બે કે વધુ પ્રવેશાર્થીઓના ગુણ નો આંકડો એક સરખો થતો હશે તો તેમને ત્રીજા વર્ષની પદવી પરીક્ષાના કુલ ગુણના ટકાના ક્રમ પ્રમાણે પ્રવેશ અપાશે. અને તેમા પણ જો સરખા ગુણ હશે તો બિજા વર્ષની પદવી પરીક્ષામા કુલ ગુણના ક્રમ પ્રમાણે પ્રવેશ અપાશે.

**(6) જુના સ્નાતકોની (ઓલ્ડ)બેઠકો ની ફાળવણી :**

(A) સને 2013 કે તે પહેલાં સ્નાતક કે અનુસ્નાતક થયેલ હેમ.ઉ.ગુ.યુનિ., નાં અરજદારો માટે 45% બેઠકો ફાળવવામાં આવશે.

**નોંધઃ-** ઉપર **(6) A** માં જણાવેલ બેઠકો પૈકી જો કોઇ એક વિષયમાં જે તે કેટેગરી ના અરજદારોના સભસવે જો બેઠકો ખાલી રહે. તો તે બેઠકો મેરીટ ગુણનાં ક્રમાનુસાર 50% ફ્રેશ વિધ્યાર્થીઓમાથી જે તે વિષય અને કેટેગરી ધ્યાને લઇને પ્રત્યેક રાઉન્ડમાં એક એક લેખે ભરવામાં આવશે.

(B) હેમચંદ્રાચાર્ય ઉતર ગુજરાત યુનિવર્સિટી સિવાય યુ.જી.સી માન્ય બાકીની તમામ યુનિવર્સિટીના અરજદારૌ માટે 05% બેઠકો ફાળવવામા આવશે.

**(7) નવા સ્નાતકોની (ફ્રેશ)બેઠકો ની ફાળવણીઃ**

(A) સને 2014 માં સ્નાતક થયેલ હેમ.ઉ.ગુ.યુનિ. નાં અરજદારો માટે 50% બેઠકો ફાળવવામાં આવશે.

**નોંધઃ-** અનુસ્નાતક કક્ષાએ M.Com તથા M.A અર્થશાસ્ત્ર સાથે પાસ થયેલ અરજદારોનો પણ ઉમેદવાર તરીકે સમાવેશ કરવામા આવશે. પરંતુ તેઓ નામું અને અર્થશાસ્ત્ર વિષય પધ્ધતિ માટે પ્રવેશપાત્ર ગણાશે

**નોંધઃ-** ઉપર 7(A) માં જણાવેલ બેઠકો પૈકી જો કોઇ એક વિષયમાં જે તે કેટેગરીનાં અરજદારો ના અભાવે બેઠકો ખાલી રહે તો તે બેઠકો મેરીટ ગુણનાં ક્રમાનુસાર 50% જુના વિધ્યાર્થીઓ માંયી જે તે વિષય અને કેટેગરી ધ્યાને લઇને પ્રત્યેક રાઉન્ડ માં એક એક લેખે ભરવામાં આવશે.

**(8) અનામત બેઠકો**

(A) મુળ ગુજરાતના વતની હોય તેવા વિદ્યાર્થીઓ માટે રાજ્ય સરકારની પ્રવર્તમાન જોગવાઇ અનુસાર અનામત બેઠકો રાખવામા આવી છે.

| | | |
|---|---|---|
| (1) | અનુસુચિત જાતિના વિદ્યાર્થીઓ | 7% |
| (2) | અનુસુચિત જનજાતિના વિદ્યાર્થીઓ | 15% |
| (3) | સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના વિદ્યાર્થીઓ (કોઇ પણ જાતીની વિધવા અને અનાય બાળકો પોતે વિદ્યાયી તરીકે અરજી કરે તો વધુમાં વધુ 2% લેખે ) | 27% |

(B) (1) પ્રથમ બિનઅનામત બેઠકો ભરવામા આવશે.ગુણવત્તાના ધોરણે જેમને પ્રવેશ મળતો હોય તેવા અનામત કેટેગરીના અરજદારોને બિનઅનામત જગ્યા ઉપર પ્રવેશ અપાશે. આ રીતે તમામ બિનઅનામત બેઠકો ભર્યા પછી અનામત બેઠકો ભરવામા આવશે. આ બેઠકો ભરવા નાટે બાકી રહેલા અનામત કેટેગરીના અરજદારો નુ દરેક પ્રકારની અનામત બેઠકો માટે વિષય પર અલગ મેરીટ લિસ્ટ બનાવવા મા આવશે અને તેમાયી અનામત બેઠકો ભરવામા આવશે.

બિનઅનામત કેટેગરી મા જે તે વિષયના છેલ્લે ક્રમે પ્રવેશ મેળવનાર કરતા વધારે ગુણો વાળો અનામત કેટેગરીનો જે તે વિષય નો અરજદાર પ્રવેશથી વંચીત ન રહે તે રીતે બેઠકો ભરાશે. જો કોઇ એક વિષયમા અનામત કેટેગરીના અરજદારોના અભાવે બેઠકો ખાલી રહેશે તો તે બેઠકો અન્ય વિષયમાના અનામત કેટેગરીના અરજદારોમાથી પ્રત્યેક રાઉન્ડમા એક એક લેખે ભરવામા આવશે.

<u>નોંધઃ-</u> પ્રવેશ યાદીમા એસ.સી, એસ.ટી, અને ઓ.બી.સી, કેટેગરીના અરજદારો જનરલ કેટેગેરીમા આવતા હશે તો તેમને જનરલ કેટેગેરી તેમજ એસ.સી, એસ.ટી, અને ઓ.બી.સી, કેટેગરી પૈકી જે પસંદગી ની જગ્યા ઉપર પ્રવેશ મળતો હશે તે જગ્યા પર પ્રવેશ આપવામા આવશે.

(2) અનામત બેઠકનો લાભ લેવા ઇચ્છતા અરજદારોએ સક્ષમ અધીકારીએ આપેલુ જાતીનુ પ્રમાણપ્રત્ર અરજીની સાથે જોડવાનુ રહેશે.અન્યથા તેમને જનરલ બેઠક પર ગણવામા આવશે નહી.

(3) સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના અરજદારોને સક્ષમ અધીકારીએ આપેલુ ઓ.બી.સી. નુ પ્રમાણપત્ર તેમજ સમૂધ્ધ વર્ગ ( Creamy Layer) મા સામાવેશ થતો નથી,તેવું દર્શાવતુ સક્ષમ અધીકારીનું તા. 1-4-2014 કે તે પછી આપેલ પ્રમાણપત્ર જોડવુ.અન્યથા તેમને જનરલ બેઠક પર ગણવામાં આવશે.

(4) વિધવા અરજદાએ તેમના પતિના મૃત્યુ અંગેનો દાખલો તથા તેમણે પુનઃ લગ્ન કરેલ નાથી તેવું ફર્સ્ટ ક્લાસ મેજીસ્ટ્રેટ સમક્ષનું તાજેતરનું સોગંદનામુ રજુ કરવાનું રહેશે.

(5) અનાથ બાળકોએ સમાજ–કલ્યાણ અધિકારી પાસેથી અનાથ અંગેનો તાજેતરનો (લેટેસ્ટ) પ્રમાણપ્રત્ર અરજી સાથે રજૂ કરવાનુ રહેશે.

**(9)** **<u>વિકલાંગો માટે અનામતઃ</u>**

(1) વિકલાંગ ઉમેદવારો માટે જે તે કેટેગરીમાર્થી 3 % બેઠકો અનામત રાખવામા આવશે. આ 3 % બેઠકો બીનઅનામત, અનુસુચિત જાતિ, અનુસુચિત જનજાતિ, અને સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોની કેટેગરીમાં સમાવી લેવામા આવશે.

(2) વિકલાંગ ઉમેદવારોએ સિવિલ સર્જન અને સિવિલ સર્જન ન હોયતો રેશીડેન્શીયલ મેડીકલ ઓફીસરની કાઉન્ટર સહી કરેલ 40% થી ઉપરનાં ટકાનું વિકલાંગ અંગેનું પ્રમાણપત્ર મેળવી અરજી સાથે રજુ કરવાનુ રહેશે.

(3) વિકલાંગ કેટેગરીમાં 1% અંધ અને અલ્પ દ્રષ્ટિના અરજદારોનો સમાવેશ કરવામા આવતો નથી.માટે તેમણે તેમની અરજી ઉપર અંધ / અલ્પદ્રષ્ટિ અરજદાર એમ લખવું તેમણે 1995 નાં ડીસએબીલીટી એક્ટનાં ચેપ્ટર 1 ની કલમ 2 (B) મુજબ સીવીલ સર્જન પાસેથી અંધ / અલ્પદ્રષ્ટિ અંગેનું પ્રમાણપત્ર અરજીની સાથે જોડવાનું રહેશે.

**(10)** **<u>ચાલુ/માજી સંરક્ષણ દળના જવાનોના સંતાનો માટે અનામતઃ</u>**

કેદ્ર સરકાર ના લશ્કરી અને અર્ધલશ્કરી દળો ના ચાલુ તેમજ માજી સૈનિકો તેમજ ગુજરાત રાજ્યના આવા પ્રકાર ના દળોના જવાનોના સંતાનો માટે,પ્રવેશના હેતુસર 1% બેઠકો અનામત રાખનવાની રહેશે. માટે આવા અરજદારોએ ચાલુ/માજી સંરક્ષણ દળના જવાનોના સંતાન છે.તે મતલબનું <u>માજી સૈનિક જિલ્લા વેલ્ફેર બોર્ડનું સક્ષમ અધિકારીએ આપેલુ તાજેતર (લેટેસ્ટ) 2014 નું</u> પ્રમાણપત્ર <u>અરજીની સાથે અવશ્ય જોડવાનું રહેશે.</u> અન્યથા તેમને જનરલ કેટેગરીમાં ગણવામાં આવશે.

## (11) ફી પરત અંગે:

## (1) ગ્રાન્ટ ઇન એઇડ કોલેજ માટે:

ગ્રાન્ટ ઇન એઇડ કોલેજ માં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થી પ્રવેશ રદ કરાવે તો તેવા કિસ્સામાં યુનિવર્સિટી ઓર્ડિનન્સ 140 (5) મુજબ જે તે કોલેજે કાર્યવાહી કરવાની રહેશે.

**Ordinance 140 (5)**

When on leaving a college a student claims refund of his tuition fees from an Arts, Science , commerce or Law college, he shall writing to the principal, on receipt of such an application refund may be given in the following circumstances at the rate indicated:

(1) Full fees for the term concerned shall be refunded in the case of the death of the student

(2) Tuition fee (including Laboratory fee, If any) for the term concerned shall be refunded after deducting Rs. 25/- if student applies within 15 days of the payment of his fees for any of the following reasons.

(a)Transfer of the student concerned being in employment to another city.

(b) Transfer of a parents of the student concerned to another city

(c) Marriage of the female student.

(3) Tuition fee (including Laboratory fee, If any) for the term concerned shall be refunded after deducting Rs. 25/- if student applies within 15 days from the date of his admission to any professional course of studies in a statutory university or a course of studies determined by the vice-Chancellor as a professional course of studies for the purpose of such refund.

(4) Tuition fee (including Laboratory fee, If any) shall be refunded after deducting Rs.100/- if a student applies within 10 days from the date of payment of fees on the last date for payment of fee by the college whichever is earlier.

(2) <u>સ્વવિત કોલેજો માટેઃ</u>

સ્વવિત કોલેજોમાં પ્રવેશ મેળવનાર વિધ્યાર્થી પ્રવેશ રદ કરાવે તથા પ્રવેશ રિશફલીંગ કરાવે તો તેવા કિસ્સામાં યુનિ. ઓર્ડિનન્સ 140 (5) 1 મુજબ જે તે કોલેજે કાર્યવાહી કરવાની રહેશે

<u>Ordinance 140 (5) (1) Self-Finance</u>

The following rules shall be applied for both Under Graduate & Post Graduate self finance College/Department/Institutions as the case of the death of the student concerned

(1) Full fees for the term concerned shall be refunded in the case of the death of the student concerned.

(2) Tuition fee (Including Laboratory Fee if any ) for the term concerned shall be refunded after deducting 15% from tuition fee (Laboratory Fee if any ) if a student applies within 15 days from the payment of his/her fee for any reason whatever.

(3) Tuition fee (Including Laboratory Fee if any ) for the term concerned shall be refunded after deducting 25% from tuition fee (Laboratory Fee if any ) if a student cancels him/her admission and another student is admitted on this cancelled seat.

(4) In the case of reshuffling on merit, department /college /Institutions shall refunds total fee after deducting 15% fee from total fee to the concerned students within a month from his/her admission.

(5) Department /college /Institutions shall return all the original documents to the concerned students, after enrollment /Registration or end of the first term whichever is earlier.

<u>નોંધઃ-</u> જે તે કોલેજોમાં ફી ભરીને પ્રવેશ મેળવ્યા બાદ રીસફલીંગમાં અન્ય કોલેજોમાં પ્રવેશ તબદીલ કરાવશે તો તેને પ્રવેશ તબદીલ કરાવેલ કોલેજોમા 0 ચલણથી ફી ભરીને પ્રવેશ મેળવવાનો રહેશે. તેને નવી કોઇ ફી ભરવાની રહેશે નહી. ફી ભરીને પ્રવેશ મેળવનાર વિદ્યાર્થી સંજોગોવસાત પ્રવેશ રદ કરાવે તો પ્રવેશ રદ અંગેની જાણ નિયમ સમય મર્યાદામાં હેલ્પ સેંટરમાં લેખીત અરજી સ્વરૂપે કરવાની રહેશે.

## (12) <u>સ્વનિર્ભર સંસ્થાઓની મેનેજમેન્ટ બેઠકો અંગેઃ</u>

સરકાર શ્રી નિયત કરે તે પ્રમાણે મેનેજમેન્ટ ક્વોટાની બેઠકો ભરવામા આવશે.
ગુજરાત રાજ્ય બહારની યુનિવસિટીનાં કે જેમની માતૃભાષા ગુજરાતી નથી તેવા બિનગુજરાતી અરજદારોની ધોરણ 10 ના ગુજરાતી વિષયના અભ્યાસક્રમ પર આધારીત ગુજરાતી અધ્યયન ક્ષમતા માપન કસોટી યુનિવર્સિટી દ્વારા નિયત કાર્યક્રમ મુજબ લેવામા આવશે.અને તેમાં પાસ થનાર અરજદાર જ પ્રવેશપાત્ર ગણાશે.

## (13) <u>પ્રોવિઝનલ એલિજિબિલિટી સર્ટીફિકેટ અંગેઃ</u>

(1) હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી સિવાયની ગુજરાતરાજ્યની અન્ય યુનિવર્સિટીઓના અરજદારોએ પ્રવેશ મળ્યા પછી હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીમાંથી પ્રોવિઝનલ એલિજિબિલિટી મેળવી જે તે કોલેજોમાં પ્રથમ સત્રના અંત સુધીમા રજુ નહી કરે તો તેમનો પ્રવેશ રદ કરવામા આવશે

(2) ગુજરાત રાજ્ય બહારની યુનિવર્સિટીના અરજદારોએ હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીમાંથી કામચલાઉ એલિજિબિલિટી સર્ટીફિકેટ મેળવી તેની ઝેરોક્ષ નકલ અરજીપત્રક સાથે જોડવાની રહેશે.

## (14) <u>સામાન્ય નિયમોઃ</u>

(1) પ્રવેશ એકમ તરફથી એક વિષય પધ્ધતીમાં પ્રવેશ અપાશે. બીજી વિષય પધ્ધતી કોલેજ તરફથી નક્કી કરવામા આવશે.

(2) બી.એડ્ ના વ્યવસાયી તાલીમ અભ્યાસક્રમ અને તેના વિવિધ પ્રયોગીક કાર્યો યોગ્ય રીતે કરવા માટે જે પ્રવેશાર્થી પર્યાપ્ત રીતે સક્ષમ નહીં હોય તે પ્રવેશપાત્ર ગણાશે નહી.

(3) બી.એડ્ કોલેજના અભ્યાસક્રમ દરમીયાન સગર્ભાવસ્થાને લીધે ઉપસ્થીત થતી બાબતોની સઘળી જવાબદારી જે તે તાલીમાર્થી બહેનની રહેશે અને આને કારણે કોઇ જ છુટછાટ આપવામાં આવશે નહી.

(4) બી.એડ્ ની તાલીમ દરમ્યાન પુર્ણ સમયની નોકરી કરી શકાશે નહીં. ખંડ સમયની નોકરી કરવા આચાર્યશ્રીની મંજુરી લેવી આવશ્યક છે.

(5) કોલેજે ફાળવેલ વિષયની બેઠકોમા અરજદારોના અભાવે ખાલી જગ્યા રહેશ તો જે તે વિષયની ખાલી બેઠકો બિજા વિષયમા ફાળવવામાં આવશે અને તેથી વિષયવાર મુકરર સંખ્યામા જે વધઘટ થાય તે કોલેજે માન્ય રાખવી પડશે.

(6) બી.એડ્ નો અભ્યાસક્રમ ગુજરાતી માધ્યમથી ભણવો ફરજીયાત છે.આ અભ્યાસક્રમમા દાખલ થનાર વિદ્યાર્થીઓએ પ્રાયોગીક પાઠો ગુજરાતી ભાષામા આપવાના રહેશે. જે વિદ્યાર્થીઓ ગુજરાતી માધ્યમમાં પ્રયોગીક પાઠો આપવાની ક્ષમતા ધરાવતા ન હોય તેઓ પ્રમાણપત્રો ગણાશે નહી.

(7) કોલેજોમાં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીના અસલ પ્રમાણપત્રો ચકાસણી કરીને વિદ્યાર્થીઓને પરત કરવાના રહેશે. કોલેજો કોઇ પણ સંજોગોમા વિદ્યાર્થીના અસલ પ્રમાણપત્રો પોતાની પાસે રાખી શકશે નહી.

(8) બી,એડ્ ના અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવવા માટે યુનિવર્સિટીનું નિયત પ્રવેશ ફોર્મ ભરવુ વિદ્યાર્થીઓ માટે ફરજીયાત છે. જો કોઇ વિદ્યાર્થી યુનિવર્સિટીનું નિયત પ્રવેશ ફોર્મ ભર્યા સિવાય કોલેજમાં સીધો પ્રવેશ મેળવશે કે મેનેજમેન્ટ ક્વોટા દ્વારા પ્રવેશ લેશે તો તે પ્રવેશ માન્ય ગણાશે નહી, અને તેનુ એનરોલમેન્ટ થશે નહી. અવા અમાન્ય પ્રવેશ યુનિવર્સિટીની કોઇ જવાબદારી રહેશે નહી.

(9) મેનેજમેન્ટ ક્વોટા માં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીએ ONLINE રજીસ્ટ્રેશન કરાવવુ ફરજીયાત છે.

**(15)પ્રવેશના નિયમોના અર્થઘટન અને ફેરફાર અંગે :**

પ્રવેશના નિયમોના અર્થઘટનમાં કોઇ મુશ્કેલી હોય અથવા એવા કેસ કે જેના માટે પ્રવેશ નિયમમાં કોઇ જોગવાઇ ના હોય.તો તેવી તમામ બાબતોમાં ગમે તે સમયે નિયમોમાં ફેરફાર કરવાનો અથવા નવો નિયમ દાખલ કરવાનો કુલપતિશ્રીનો નિર્ણય આખરી ગણાશે.